ગાંધીનગર સમાચાર

ફાયરીંગ કોણ કરી ગયું...?
૪૮ કલાક બાદ પણ રહસ્ય...!

# સિવિલમાં દર્દીનો આપઘાતનો પ્રયાસ

## હોસ્પિટલના ત્રીજે માળથી દર્દીએ પડતુ મુક્યું : દર્દીનો આબાદ બચાવ માત્ર પગમાં ઈજા



ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે સવારે એક દર્દીએ આપઘાતનો પ્રયાસ કર્યો છે. હોસ્પિટલના ત્રીજે માળથી દર્દીએ પડતુ મુક્યુ હતું સદનસીબે દર્દીનો આબાદ બચાવ થવા પામ્યો છે. જોકે દર્દીના જમણા પગમાં ઈજા થવા પામી છે. પરંતુ દર્દીના આપઘાતના બનાવને પગલે સિવિલની સલામતી સામે પણ પ્રશ્ન ઉભો થવા પામ્યો છે. દર્દીના આપઘાતના પ્રયાસને લઈ સિવિલના તંત્રમાં પણ હલચલ મચી જવા પામી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગત્ તા.૩૦મી માર્ચના રોજ બપોરના સુમારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના એક ગામનો ૩૦ વર્ષિય યુવાન અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી જતા સારવાર માટે લાવવામાં આવ્યો હતો. આ યુવાનને તાત્કાલીક વિભાગમાં સારવાર આપીને આઈસીયુ વિભાગમાં શીફટ કરવામાં આવ્યો હતો. ત્યારથી આ યુવાન આઈસીયુમાં સારવાર હેઠળ હતો તે દરમિયાન આજે સવારના અંદાજે પ:૩૦ કલાકના સુમારે દવાના ઘેનમાં કે કયા કારણોસર યુવાને આઈસીયુ વોર્ડમાં તોફાન મચાવાનું શરુ કર્યુ હતું તે તપાસનો વિષય છે. બનાવમાં યુવાનની સાથે રહેલા સ્વજનને પણ બાટલો ચડાવાનું સ્ટેન્ડ લઈ મારવાની કોશીશ કરી હતી. જયારે સ્ટાફના કર્મચારીઓએ પણ દર્દીને સમજાવાનો પ્રયત્ન કરતા દર્દી વધુ રોષે ભરાયો હતો અને સ્ટાફને પણ મારવા દોડ્યો હતો. આ ઘટનાથી આઈસીયુ વોર્ડમાં સારવાર લઈ રહેલા અન્ય દર્દીઓ તેમજ સગાઓ પણ ગભરાઈ ગયા હતા.સવારના સુમારે આ ઘટના બનતા આઈસીયુ વોર્ડ સહિત બહાર સુઈ રહેલા દર્દીના સગાઓ પણ જાગી ગયા હતા. દર્દી અચાનક વોર્ડની બહાર દોડી ગયો હતો અને કોઈ કાંઈ સમજે તે પહેલા જ ત્રીજે માળથી કુદકો મારી દીધો હતો. યુવાનને નીચે થી તાત્કાલીક વિભાગમાં લઈ જવામાં આવ્યો હતો અને સારવાર કરવામાં આવી હતી. જો કે સદનસીબે યુવાનનો આબાદ બચાવ થયો છે પરંતુ યુવાનના પગમાં ફ્રેકચર થવા પામ્યું છે. યુવાને આપઘાતનો પ્રયાસ કર્યાની જાણ સિવિલ તંત્રમાં હલચલ મચી જવા પામી હતી. જો કે સિવિલના આઈસીયુ વોર્ડમાં સારવાર લઈ રહેલા યુવાનને આપઘાતનો પ્રયાસ કરતા સિવિલની સલામતી સામે પણ પ્રશ્નો ઉભા થવા પામ્યા છે.

## ફાયરીંગ કોણ કરી ગયું...? ૪૮ કલાક બાદ પણ રહસ્ય...!

### પાંચ લાખ ભરેલી બેગ ઉઠાંતરી પ્રકરણમાં પણ પોલીસને કોઈ કડી મળતી નથી : સીસીટીવી શોભાના ગાંઠીયા સમાન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં ચકચાર મચાવી દેનારી તાજેતરમાં બનેલી બે ઘટનાઓ પૈકી એકેય ઘટનાના મુળ સુધી ૪૮ કલાક બાદ પણ પોલીસ પહોંચી શકી નથી. સરગાસણ પાસે ત્રણ રાઉન્ડ ઓપન ફાયરીંગ થયું તે પ્રકરણમાં ફાયરીંગ કોણે કર્યું તે બાબત હજુ પણ રહસ્ય છે. તો બીજી તરફ બેંક બહાર સેકટર-૧૬માંથી રૂ. ૫ લાખ ભરેલી બેગની થયેલી ઉઠાંતરીના કેસમાં પણ કોઈ જ કડી મળતી નથી તો બીજી તરફ સીસીટીવી કેમેરામાં પણ કાંઈ જ સ્પષ્ટ દેખાતું ન હોવાથી શોભાના ગાંઠીયા સમાન સાબિત થયા છે.

બે દિવસ અગાઉ મોડી સાંજે સરગાસણ ચોકડી પાસે ફોર્ચ્યુનર ગાડી ઉપર ત્રણ રાઉન્ડ ફાયરીંગ કરી પલ્સર પર આવેલા બે શખ્સો ફરાર થઈ ગયા હતા. જેમાં કાર ચાલક બચી ગયો હતો. આ પ્રકરણમાં જે કાર માલિક હતો તે જીગ્નેશે પોલીસને નિવેદન આપ્યું કે પ્રકાશ ઉર્ફે પકા ચિનાનો આ ફાયરીંગમાં હાથ હોવાની આશંકા છે. જે દિશામાં પણ પોલીસ તપાસ ચાલી રહી છે. પરંતુ ૪૮ કલાક બાદ પણ ફાયરીંગ કોણે કર્યું તે બાબત સ્પષ્ટ થઈ શકી નથી. તો બીજી તરફ સે-૧૬ આઈસીઆઈસીઆઈ બેંક બહારથી રૂ. ૫ લાખ ભરેલી બેગની ઉઠાંતરીના પ્રકરણમાં પોલીસે સીસીટીવી ફુટેજ તપાસવાની કામગીરી શરૂ કરી હતી પરંતુ તેમાં પણ નિરાશાજનક પરિણામ મળ્યું છે. સીસીટીવી કેમેરામાં જે કેદ થયા છે તે વ્યકિતઓના ચહેરા સ્પષ્ટ દેખાતા નથી. પ્રકાશ સીધો કેમેરા પર આવતો હોવાથી કાળા પડછાયા જેવા ચહેરા સિવાય કાંઈ જ દેખાતું નથી.



કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક કચેરીમાં રમત ગમત સચિવ તરીકે ફરજ બજાવતા મનસુખ મણવર ૩૩ વર્ષની નોકરી પૂર્ણ કરતા વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં કમિશનર જે.ટી.અખાણીએ સ્મૃતિચિન્હ અર્પણ કર્યા હતા. આ પ્રસંગે મણવરભાઈએ સૌ કર્મચારીઓનો ઋણ સ્વીકાર કર્યો હતો તેમજ રમતગમતના મંત્રી નાનુભાઈ વાનાણીએ મણવરભાઈનું શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. આ પ્રસંગે જોઈન્ટ સેક્રેટરી કાનાબાર, નાયબ સચિવ એરડા, ઉપસચિવ નયનાબેન, પ્રચાર અધિકારી ભરત ચૌહાણ અને ખાતાના તમામ અધિકારીઓ, કર્મચારીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અશ્વિન મોદીએ કર્યું હતું.

## @ગાંધીનગર

● કલા ગુર્જરી દ્વારા શનિવારના રોજ રાત્રે૯.૩૦ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે ગીત-સંગીત 'આજા રે...' કાર્યક્રમ યોજાશે.

● સ્કાય ગૃપ દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના બાળકો માટે સવારે ૯ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે ટેલેન્ટ શૉ યોજાશે.

● કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન દ્વારા શનિવારના રોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન સેકટર-૨૩, કડી કેમ્પસ ખાતે સ્વર સંધ્યા કાર્યક્રમ યોજાશે.

● ઓમ લેન્ડમાર્ક સ્કૂલ દ્વારા સાંજે ૭.૩૦ કલાકે મોટા ચિલોડા, ઓમ એજયુકેશન કેમ્પસ ખાતે ઉમંગ ૨૦૧૬નો કાર્યક્રમ યોજાશે.

● ભોંયણ રાઠોડ ગામ સ્થિત વિનસ ઈન્ટરનેશનલ કોલેજ ઓફ ટેકનોલોજી ખાતે શનિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે ઓપન ચેસ ચેમ્પિયનશીપ 'ચેમ્પ ડયુનો' કાર્યક્રમ યોજાશે.

## સે-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે નિઃશુલ્ક પણે ડાયાબીટીસ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ અને આરોગ્ય ભારતી સંસ્થાના સંયુકત ઉપક્રમે 'મધુમેહ મુકત ભારત' અભિયાન અંતર્ગત ડાયાબીટીસના દર્દીઓ માટે અરવિંદ કેન્દ્ર સેકટર-૨૩ ખાતે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર તા. ૨જી એપ્રિલના રોજ સાંજે ૫.૩૦ થી ૭.૦૦ કલાક દરમિયાન તથા તા. ૪ એપ્રિલના રોજ સાંજે ૬.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન યોજાશે. આ શિબિરમાં ડાયાબિટીસના દર્દીઓની નોંધણી કરી નિઃશુલ્ક પણે ચેકઅપ કરવામાં આવશે. દર્દીઓએ પોતાના રીપોર્ટ સાથે અવશ્ય લાભ લેવા સંસ્થાના પ્રમુખે જણાવ્યું છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદની વ્યાખ્યાન માળા મોકુફ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર નાગરિક પરિષદની સોમવારે રાખવામાં આવતી વ્યાખ્યાનમાળા તા.૪થી એપ્રિલે રાખેલ હતી. જે અનિવાર્ય સંજોગોને કારણે મોકુફ રાખવામાં આવેલ છે. પદાધિકારીશ્રીઓ-કારોબારી સભ્યો તથા રસ ધરાવતા ઈચ્છુકોને મહામંત્રીશ્રી નિરંજનભાઈ ઓઝાએ આ બાબતની નોંધ લેવા જણાવેલ છે.

## સે-૮ ખાતે રકતદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર કેથોલીક યુથ એન્ડ વિન્સેન્ટ દે પૉલ દ્વારા તા. ૩ એપ્રિલને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી બપોરના ૩.૦૦ કલાક દરમિયાન સેકટર-૮ કેથોલીક ચર્ચ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન કેમ્પમાં ફા. વેલેરીયન પેરેરા, સિ. જોસફીન, ફા. શઈજી હાજર રહેશે. નગરના તમામ નગરજનોને આ કેમ્પમાં ઉપસ્થિત રહી રકતદાન કરી સહકાર આપવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## શિક્ષકો માટે કોમ્પ્યુટરની તાલીમ માટે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧

કડી સર્વવિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન સે-૨૩, ગાંધીનગર દ્વારા કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શ્રીમતી આર.એન. પટેલ પ્રા. શાળા જે.બી. પ્રાથમિક શાળા અને શ્રીમતી એમ.બી. પટેલ પ્રાથમિક શાળાના ૧૩૩ શિક્ષકોકોમ્પ્યુટરના જ્ઞાનથી વધુ સજ્જ થાય તે હેતુથી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ મલ્ટીમીડિયા ઈન એજયુકેશન વિશેના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુંહતું.

આ કાર્યક્રમમાં કન્સેપ્ટ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, એમ.એસ. વર્ડ પ્રોસેસીંગ, એમ.એસ. વર્ડ પ્રોસેસીંગ પાવર પોઈન્ટ, એમ.એસ.એકસલ, ફાઈલ મેનેજમેન્ટ, સીપીયુ વિગેરે વિશે ઉપસ્થિત રહેલા તજજ્ઞ ડૉ. હરિકૃષ્ણ પટેલ, પૂજાબેન જોશી અને ચિરાગભાઈ પટેલે ઝીણવટ પૂર્વક માહિતી આપી હતી. આ કાર્યક્રમનું આયોજન ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન પ્રો. વીણાબેન પટેલના માર્ગદર્શન નીચે કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર શહેરના સેકટર-૩માંથી સેકટર-૪ તરફ જઈ રહેલી મારૂતિ વાન ગાડીમાંથી અચાનક સ્પાર્ક સાથે ધુમાડા નીકળવા લાગતા ગાડી ઉભી રાખીને કાર માલિક બહાર નીકળી ગયો હતો. ધીમે ધીમે ગાડીમાં આગ લાગી રહી હતી તે જોઈને રેતી નાંખીને આગને કાબુમાં લઈ લેવાતા ગાડી આખી સળગી ઉઠતા બચી ગઈ હતી અને કોઈને ઈજા કે જાનહાની પણ થઈ ન હતી.

## સે-૩-ન્યુના બગીચામાં યોગ પ્રાણાયામ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧

વસાહત મંડળ સેકટર-૩-ન્યુ દ્વારા તા. ૩ એપ્રિલને રવિવારના રોજ સવારે ૬ થી ૭ કલાક દરમિયાન સેકટર-૩ ન્યુના બગીચા ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. બાબા રામદેવના યોગ શિક્ષક આર.આઈ. પંડયા દ્વારા યોગ, પ્રાણાયામ આસનો અને જીવનશૈલીને લગતું જ્ઞાન આપવામાં આવશે. યોગ પ્રાણાયામ કરી શરીરને નિરોગી રાખવા આ શિબિરનો લાભ લેવા વસાહત મંડળના પ્રમુખ સુરેશભાઈ જોષીએ જણાવ્યું છે.

## ચાલુ બાઈક પરથી ઢળી પડતા બાસણના યુવાનનું મૃત્યુ

### યુવાનને હાર્ટ એટેક આવ્યો એટલે બાઈક પરથી પડી ગયો ને મૃત્યુ થયું કે પડી ગયો એટલે મૃત્યુ થયું? તેની તપાસ ચાલુ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલા બાસણ ગામનો ૩૫ વર્ષીય યુવાન ગઈ સાંજે ગામ પાસેથી બાઈક પર જઈ રહ્યો હતો અને અચાનક ચાલુ બાઈકે ઢળી પડયો હતો. તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. પરંતુ યુવાનનું કલાકમાં સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. માટે મોકલી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર નજીક બાસણ ગામમાં રહેતો ૩૫ વર્ષીય યુવાન રઘુ કરમશીભાઈ ઠાકોર ગઈ કાલે મોડી સાંજે ગામમાંથી બાઈક લઈને નીકળ્યો ત્યારે અચાનક બાઈક પરથી બાઈક સાથે ઢળીને રોડ પર પટકાયો હતો. રઘુ ઠાકોરને તાત્કાલીક બેભાન હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયો હતો. જો કે ત્યાં સારવાર દરમિયાન રઘુનું મૃત્યુ નિપજયું હતું. મૃતદેહ પી.એમ. માટે મોકલી મૃત્યુ બાઈક પરથી પડયો એટલે થયું કે બાઈક પર જ હાર્ટ એટેક કે અન્ય કોઈ શારીરિક તકલીફ થવાને કારણે પડી ગયો અને મૃત્યુ થયું તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. શરીર પરથી કોઈ ઈજાના નિશાન ન દેખાતા હાર્ટ એટેકથી મૃત્યુ થયું હોવાની શકયતા વધુ હોવાનું જાણવા મળ્યું છે.

## વાતવાતમાં

● ગાંધીનગરના ઘ-૩ પથિકાશ્રમ સર્કલની વચ્ચોવચ વિડિયો જાહેરાત પ્રદર્શિત કરવા એલઈડી સ્ક્રીન લગાડાઈ છે. જો કે વાહનચાલકોએ આ સ્ક્રીન પર દર્શાવનાર લોભામણી જાહેરાતો જોવામાં અકસ્માતના ભોગ ના બને તેની કાળજી વધુ લેવી હિતાવહ બની રહેશે.

● ગાંધીનગરના મતદારો હવે માત્ર રૂ. ૩૦માં નવું 'સ્માર્ટ મતદાતા ઓળખકાર્ડ' કઢાવી શકે છે. જો કે સ્માર્ટકાર્ડ ભલે ના કઢાવે પરંતુ મતદાતાએ હવે વધુ 'સ્માર્ટ' બનવાની તાતી જરૂર જણાય છે.

● પાટીદારોના એસવીજી ગૃપ દ્વારા તા. ૧૭મી એપ્રિલે 'જેલભરો આંદોલન'નું આયોજન કરાયું છે. આ આંદોલનમાં જોડાવા માટે સોશ્યલ મિડિયા પર રજીસ્ટ્રેશન નંબર આપી તેના પર 'મીસ કૉલ' આપવા જણાવાયું છે.

● ગાંધીનગરના પીડીપીયુ વિસ્તારમાં નવી આકાર લઈ રહેલી અદ્યતન રહેણાંક સ્કીમ 'લાઈફ સ્ટાઈલ'નું કવરેજ સીએનબીસી ચેનલ પર શનિવારે બપોરે ૧૨.૩૦ કલાકે અને રવિવારે સવારે ૯ તથા બપોરે ૧.૩૦ કલાકે પ્રસારિત થનાર છે. આ સ્કીમ શહેરના બિલ્ડર વિક્રાન્ત પુરોહિતના વિનાયક ગૃપ દ્વારા લોન્ચ કરાઈ છે.

● શુક્રવારે સાંજે ૭ કલાકે કલર્સ ગુજરાતી પર 'ફ્લેવર્સ ઓફ ગુજરાત' કાર્યક્રમમાં ગાંધીનગરની વાનગીઓ ચમકી હતી. આ કાર્યક્રમમાં શહેરના પ્રખ્યાત પૂજા પાર્લરના ઢોકળા વગેરે ઉપરાંત લક્ષ્મી બેકરી અને હોટલ હવેલી લેન્ડમાર્કની વાનગીઓનો પણ સમાવેશ કરાયો હતો.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા બેઠક

ગાંધીનગર, તા.૧

ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ દ્વારા ડૉ. આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ શાનદાર અને ભવ્યતાપૂર્ણ ઉજવાય તેવા શુભ આશયથી શહેરમાં કાર્યરત સામાજીક એકતા માટે કામ કરતી એસ.સી/એસ.ટી/ઓબીસી સમાજની તમામ સંસ્થાઓના હોદ્દેદારો અને કાર્યકરો સાથે સંકલન જળવાય તે હેતુથી તમામ સંસ્થાઓના પ્રતિનિધિઓની તા. ૩ એપ્રિલને રવિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે સેકટર-૧૨, ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ મીટીંગમાં સર્વેને હાજર રહેવા સમિતિના મહામંત્રી ભરતસિંઘ ચૌધરીએ અનુરોધ કર્યો છે.

## ફિઝિયોથેરેપી પ્રાધ્યાપકો દ્વારા સરકારી ઈજનેરોને તાલીમ

### પાણી પુરવઠા વિભાગના નવનિયુકત ઈજનેરોને લાંબો સમય કોમ્પ્યુટર વર્ક કરવાથી થતી શારિરીક તકલીફોથી બચાવની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા.૧

આજના યુગમાં દરેક ક્ષેત્રમાં કોમ્પ્યુટર અનિવાર્ય અંગ બની ગયું છે. કોમ્પ્યુટર પર લાંબા સમય સુધી કામ કરવાને



કારણે વ્યકિતને કેટલીક શારીરિક તકલીફો ઉભી થતી હોવાની ફરિયાદો હવે વધવા લાગી છે. આ તકલીફોથી બચવા શું કરવું જોઈએ તે અંગે ગાંધીનગરના પાણી પુરવઠા વિભાગના નવ નિયુકત ઈજનેરોને ફિઝિયોથેરેપી કોલેજના પ્રાધ્યાપકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ગાંધીનગર એક કર્મચારી નગર છે અને અહીંના આશરે ૭૦ થી ૮૦ ટકા નાગરિકો સરકારી કર્મચારી છે. આ કર્મચારીઓને સતત ટેબલ વર્ક અને લાંબા સમય સુધી કોમ્પ્યુટર વર્ક કરવું પડે છે. વળી બાકી નાગરિકોમાં પણ ખાનગી કંપનીના કર્મચારીઓ કે વ્યવસાયિકોમાંથી અનેકને પણ કોમ્પ્યુટર વર્ક તો કરવાનું આવે જ છે કેમ કે કોમ્પ્યુટર એ આજના યુગનું અભિન્ન અંગ બની ગયા છે. આ સંજોગોમાં લાંબા સમય સુધી કોમ્પ્યુટર વર્ક કે ટેબલ વર્ક કરનાર 'સ્પાઈન ડિસઓર્ડર', બેક પેઈન કે નેક પેઈન જેવી શારિરીક સમસ્યાઓનો ભોગ બની રહ્યાં છે. આ સમસ્યા માટે ઘણીવાર ખોટી કાર્યપધ્ધતિ પણ જવાબદાર હોય છે. ગાંધીનગરના પાણી પુરવઠા વિભાગના નવા નિમાયેલા એન્જિનીયર્સને ભવિષ્યમાં આ પ્રકારની સમસ્યાનો સામનો ના કરવો પડે તે હેતુથી તાજેતરમાં એક ખાસ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ વર્ગમાં ગાંધીનગરની ફિઝિયોથેરેપી કોલેજના ફેકલ્ટીઝ ડૉ. રચના હાડા અને ડૉ. અશ્કા પટેલ દ્વારા વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સેકટર-૧૫ના ગુજરાત જલસેવા ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ ખાતે યોજાયેલ આ તાલીમ વર્ગમાં સિવિલ તથા મિકેનિકલ વિભાગના નવ નિયુકત એએઈ કર્મચારીઓને 'અવેરનેસ ઓફ હાઉ ટુ પ્રિવેનટ સ્પાઈન ડિસ ઓર્ડર્સ એન્ડ બેક પેઈન-નેક પેઈન ડયુ ટુ લોંગ ટાઈમ કોમ્પ્યુટર ઓર ટેબલ વર્કિંગ' વિષયે સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગની ફેકલ્ટીઝે સઘન તાલીમ આપી હતી. આ સેમિનારમાં કુલ ૧૨૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ તાલીમ વર્ગ નવ નિયુકત ઈજનેરોની ઈન્ડકશન તાલીમ દરમિયાન યોજવામાં આવી હતી.

## હસમુખ પટેલ પીએચડી થયા

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના ગ્રામીણ પરિસર-રાંધેજા ખાતે સંચાલિત ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રમાં હસમુખ ડી.પટેલે "સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન પદ્ધતિ અને આદિવાસી સમુદાયના વિકાસ પર તેની અસરો અંગે અભ્યાસ " વિષય ઊપર પીએચ.ડી. કક્ષાનો સંશોધન કાર્ય ડૉ. લોકેશ જૈનના



માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. આ સંશોધન કાર્યમાં તેમને વિશ્લેષણાત્મક પ્રયાસો થકી જાણવાનો પ્રયાસ કરેલ છે કે સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન અને આદિજાતિ સમુદાયના જીવનધોરણ પર તેની શું અસર થઈ છે. વિકાસ મંચ પર પછાત ગણાતા એ આદિવાસી સ્થાનિક લોકો કઈ રીતે તેનું સફળ સંચાલન કરે છે. સહભાગી સિંચાઈ વ્યવસ્થા તેમના જીવનધોરણના સુધારામાં કઈ રીતે ઉપયોગી સાબિત થઈ છે, તે બહાર લાવવાનું પ્રયાસ કરેલ છે. લોક ભાગીદારી આધારિત આવા પ્રયોગો થકી ગામમાં, આદિવાસી વિસ્તારમાં સામાજિક - આર્થિક ક્ષેત્રે કેવા પાયાના પરિવર્તનો જોવા મળે છે તેની પણ નોંધ લીધેલ છે. આ સંશોધનની ભલામણોના આધારે વિકાસલક્ષી કાર્યક્રમોની વહીવટી વ્યવસ્થાને કેવી રીતે વધુ અસરકારક અને લોકલક્ષી બનાવી શકાય છે તેનું સ્પષ્ટ અને પ્રભાવી ચિતાર જોવા મળે છે.

## ચિરવિદાય

- સ્વ. પરભુભાઈ કરમશીભાઈ ઠાકોર, ઉ.વ. ૩૫
- સ્વ. સોલંકી ગીતાબેન કનુભાઈ, ઉ.વ. ૫૮
- સ્વ. પટેલ કનુભાઈ ભૂલાભાઈ, ઉ.વ. ૪૫
- સ્વ. પ્રજાપતિ મધુબેન કાન્તિભાઈ, ઉ.વ. ૫૭